# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/90 Dt. 03/09/2026

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ધોરણ 6થી 12ના વિદ્યાર્થીઓ માટે 'ફેસ્ટિવ ડેકોરેશન વર્કશોપ' યોજાઇ

## તહેવારો માત્ર ઉજવણી પૂરતા નથી, તેની સાથે આપણી સંસ્કૃતિ, પરંપરા અને કળા જોડાયેલી છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## ડી.સી. પટેલ ટ્રસ્ટ સંચાલિત એચ.એન. પટેલ વિદ્યાલય ખાતે સર્જનાત્મક વર્કશોપ સંપન્ન; 100 થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા

## તોરણ બનાવવાની કળા, મટકી ડેકોરેશન, પૂજા થાળી આર્ટિસ્ટ્રી તેમજ અમ્બ્રેલા સ્ટાઇલિંગનું પ્રેક્ટિકલ માર્ગદર્શન પૂરું પડાયું

સુરત, 03 સપ્ટેમ્બર 2026:

વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિઓને પ્રોત્સાહિત કરવા અને આગામી તહેવારોની મોસમ પૂર્વે પરંપરાગત કળાઓથી પરિચિત કરાવવાના ઉદ્દેશ સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI)ની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા બુધવાર, 02 સપ્ટેમ્બર 2026ના રોજ સવારે 11:00 કલાકે, ભરથાણા સ્થિત ડી.સી. પટેલ ટ્રસ્ટ સંચાલિત એચ.એન. પટેલ વિદ્યાલય ખાતે 'Unleash Your Creativity – Festive Decoration Workshop'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સર્જનાત્મક વર્કશોપમાં ધોરણ 6થી 12ના 100થી વધુ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**સંસ્કૃતિ અને કળા સાથે નવી પેઢીનું જોડાણ અનિવાર્ય: અશોક જીરાવાલા**

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતાં ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "આપણા ભારતીય તહેવારો માત્ર બાહ્ય ઉજવણી પૂરતા સીમિત નથી, પરંતુ તેની સાથે આપણી સમૃદ્ધ સંસ્કૃતિ, વારસો અને પરંપરાગત કળાઓ અતૂટ રીતે જોડાયેલી છે. નવી પેઢી આપણી આ સાંસ્કૃતિક ધરોહરથી માહિતગાર થાય અને તેનું મૂલ્ય સમજે તે વર્તમાન સમયમાં ખૂબ મહત્વનું છે. બાળકોમાં જન્મજાત કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા ભરપૂર હોય છે. જો તેમને યોગ્ય દિશા, પ્લેટફોર્મ અને નિષ્ણાતોનું માર્ગદર્શન મળે, તો તેઓ પોતાની કાલ્પનિક શક્તિને અદ્ભુત કલાકૃતિઓમાં પરિવર્તિત કરી શકે છે."

**4 વિષયો પર પ્રેક્ટિકલ પ્રશિક્ષણ**

વર્કશોપ દરમિયાન શહેરના 4 જાણીતા કલાકારોએ વિદ્યાર્થીઓને વિવિધ કલાત્મક પ્રવૃત્તિઓનું પ્રેક્ટિકલ શિક્ષણ આપ્યું હતું:

- **તોરણ બનાવવાની કળા:** આર્ટિસ્ટ અને આર્ટ એક્સપ્લોરર ડૉ. બિજલ લશ્કરીએ તહેવારોમાં ઘરના ઉંબરાને શોભાવતા આકર્ષક તોરણ બનાવવાની ટેકનિક શીખવી હતી.

- **મટકી ડેકોરેશન:** કન્ટેમ્પરરી આર્ટિસ્ટ સુશ્રી માનસી વિરાણીએ જન્માષ્ટમી અને અન્ય પર્વો માટે પરંપરાગત મટકીને આધુનિક રીતે સજાવવાની કળા દર્શાવી હતી.

- **પૂજા થાળી આર્ટિસ્ટ્રી:** આર્ટિસ્ટ, એન્કર અને આંત્રપ્રિન્યોર સુશ્રી આયુષી દેસાઈ વ્યાસે કલાત્મક પૂજા થાળી શણગારવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

- **અમ્બ્રેલા સ્ટાઇલિંગ:** કન્ટેમ્પરરી વિઝ્યુઅલ આર્ટિસ્ટ શ્રી અમિત પરમારે પરંપરાગત અને મોર્ડન અમ્બ્રેલા સ્ટાઇલિંગ વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન એચ.એન. પટેલ વિદ્યાલયનાં પ્રિન્સિપાલ શ્રીમતી અમિતા પંડ્યાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીનાં એડવાઇઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલાએ સમગ્ર સેશનનું સફળ સંચાલન કર્યું હતું, જ્યારે એડવાઇઝર શ્રીમતી મયૂરીબેન મેવાવાલાએ નિષ્ણાત ફેકલ્ટીઓનો પરિચય કરાવ્યો હતો. કમિટીનાં ચેરપર્સન શ્રીમતી કૃતિકા શાહે સમગ્ર વર્કશોપની રૂપરેખા આપી અંતમાં આભારવિધિ કરી હતી. વિદ્યાર્થીઓએ પોતાના હાથે બનાવેલી કૃતિઓનું પ્રદર્શન કરી કલા પ્રત્યેનો પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.